# ૫. સૈયર હું તો

### ડૉ. જયા મહેતા

ડૉ. જયા મહેતાનો જન્મ ૧૫ ઓગસ્ટ, ૧૯૩૨માં ભાવનગર જિલ્લાના કોળિયાકમાં થયો હતો. તેમણે એમ.એ.બાદ પીએચ.ડી.ની પદવી મેળવી. વર્ષો સુધી મુંબઈની મહિલા કૉલેજમાં અધ્યાપન કાર્ય કર્યું અને સ્ત્રી વિષયક સામયિકના સહતંત્રી બન્યા.

'મનનું કારણ'; રેવેન્યુ સ્ટેમ્પ; દસ્તાવેજ; સુવર્ણમુદ્રા અને રાધા, કુંતી, દ્રૌપદી; એક દિવસ; આકાશમાં તારાઓ ચૂપ છે જેવા ભાવાનુવાદ, ચરિત્ર લેખન, સંપાદન, સંશોધનાત્મક તથા વિવેચનાત્મક પુસ્તકો જયા મહેતાએ આપ્યા છે. વેનીશન બ્લાઈન્ડ, એક આ ખરે પાંદડું કાવ્યસંગ્રહો માટે તેમને ગુજરાત રાજ્ય સરકાર તથા ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા સન્માનવામાં આવ્યા છે.

### સૂર કૃતિનો

પ્રસ્તુત કાવ્યમાં કવયિત્રીનો કૃષ્ણપ્રેમ જણાઈ આવે છે. જૂના જમાનાની સ્ત્રીઓ ગામના કૂવે, સરવણીએ, સરોવરે, નદીના ઘાટ પર કે વીરડા પર પાણી ભરવા જતી, તેનું વર્ણન છે. ગોપીભાવે રચાયેલા આ કાવ્યમાં કૃષ્ણના અસ્તિત્વનો અહેસાસ થાય છે.

ગોપી વિવિધ જલસ્રોતમાંથી એટલે કે વિવિધ સાંસારિક સુખમાંથી પોતાના મનરૂપી ઘડાને ભરવાનો પ્રયત્ન કરે છે પરંતુ તે નિષ્ફળ રહે છે. પણ જ્યાં જમુનાકાંઠે જાય છે ત્યાં તરત જ કૃષ્ણની મોરલીનો નાદ સાંભળવાથી તેના મનરૂપી ઘડો છલકાઈ જાય છે અને કૃષ્ણને પામ્યાનો આનંદ અનુભવે છે.

સૈયર હું તો ગામને કૂવે પાણીડાં ગઈ'તી રે લોલ,
કૂવાના તે જળ ઊંડા કે સીંચણિયું પ્હોંચે નહીં રે લોલ.

સૈયર હું તો નાની સરવણીએ પાણીડાં ગઈ'તી રે લોલ,
સરવણીએ જળ આછાં કે ઘડૂલો કેમ ભરું રે લોલ.

સૈયર હું તો મોટા સરવરિયે પાણીડાં ગઈ'તી રે લોલ,
સરવરિયે ધોળા બગ કે કેવી છળી મરું રે લોલ.

સૈયર હું તો નદિયું ને ઘાટ પાણીડાં ગઈ'તી રે લોલ,
નદિયુંનાં જળ આઘા કે તાપે બળી મરું રે લોલ.

સૈયર હું તો મીઠે વીરડે પાણીડાં ગઈ'તી રે લોલ,
વીરડાંનાં જળ નીતર્યાં કે મુખડું જોયા કરું રે લોલ.

સૈયર હું તો જમુનાજીને કાંઠે પાણીડાં ગઈ'તી રે લોલ,
કાંઠે કાનુડાની વેણુ કે બેડલું છલ્લક ભરું રે લોલ.



## માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કાવ્યના અધ્યાપનની શરૂઆતમાં કોઈ લોકગીત, ગરબો કે પછી કૃષ્ણગીતનું સમૂહગાન કરાવી શકાય અથવા કૃષ્ણ લીલાના વિવિધ પ્રસંગો વિશે ચર્ચા કરી શકાય. ગોકુળ, મથુરા, વૃંદાવન જેવા વિસ્તારોનો માનસિક પ્રવાસ કરાવીને કૃષ્ણ અને ગોપી સંબંધી વાતો કરી શકાય.

વિવિધ પ્રશ્નોના માધ્યમ દ્વારા કાવ્યનો આસ્વાદ કરાવી શકાય. કૃષ્ણની વાંસળીના મધુર સૂરની ગોપીઓ ઉપર થતી અસરનું વર્ણન કરીને વિદ્યાર્થીઓને કાવ્યનો ભાવાર્થ સમજાવી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) વાંસળી (૨) શામળિયો (૩) સરિતા (૪) ધવલ

(૫) સખી (૬) નીર (૭) ચહેરો (૮) કિનારો

**સ. ૨. જોડણીકોશના ક્રમ પ્રમાણે શબ્દો ગોઠવો.**

સૈયર, સરવણી, સિંચણિયું, સરોવર

______,______,______,______

**સ. ૩. કાવ્યમાં વપરાયેલા તળપદા શબ્દો શોધીને લખો.**

**સ. ૪. આપેલા કોષ્ટકમાંથી 'પાણી' ના સમાનાર્થી શબ્દો શોધો. અહીં શબ્દો ઉલટાસુલટા આપેલા છે.**

(ળજ, રિવા, રની, લલિસ, બુઅં, ભૂ, કદઉ, યપ)

| | | | | |
|---|---|---|---|---|
| ઉ | જ | પ | યા | જ |
| જા | દ | ય | ળ | ગ |
| ની | ર | ક | બ | અં |
| ર | ત | ભૂ | બુ | વા |
| સ | લિ | લ | આ | રિ |

**સ. ૫. શબ્દોની અંતાક્ષરી પૂરી કરો :**

(૧) નાની → ______ → ______ → ______

(૨) કાનુડો → ______ → ______ → ______

(૩) સૈયર → ______ → ______ → ______

(૪) બગ → ______ → ______ → ______

**સ. ૬. ગોપી પાણી ભરવા ગઈ હતી તે સ્થળો ક્રમાનુસાર લખો :**

ગામને કૂવે → ______ → ______ → ______ → ______

**સ. ૭. નામ લખો :**

(૧) ગોપી છળી મરી તે જગ્યા – ______ (૨) આછા જળવાળી જગ્યા – ______

(૩) આઘા જળવાળી જગ્યા – ______ (૪) નીતરેલા જળવાળી જગ્યા– ______

(૫) કાનુડાની વેણુ વાગે છે તે જગ્યા – ______

**સ. ૮. નીચેના અર્થ દર્શાવતી કાવ્યપંક્તિઓ લખો :**

(૧) નદી દૂર હોવાથી બહુ ગરમી લાગી.

(૨) કૂવાનું પાણી ઊંડું હોવાથી સીંચણિયું પહોંચ્યું નહિ.

(૩) કૃષ્ણની વાંસળી સાંભળતાં જ બેડું છલકાઈ ગયું.

(૪) વીરડાના સ્વચ્છ જળમાં ગોપી મુખડું જોયા કરતી હતી.

**સ. ૯. યોગ્ય પર્યાય શોધી વિધાન પૂર્ણ કરો :**

(૧) કૂવાના જળ ઊંડા હતા તેથી ________________

(અ) ગોપી નિરાશ થઈ ગઈ (આ) સીંચણિયું પહોંચ્યું નહિ (ઇ) સહુએ તેને મદદ કરી

(૨) સરોવર કાંઠે ધોળા બગલાં જોઈને ગોપી ________________

(અ) આશ્ચર્ય પામી ગઈ (આ) મુગ્ધ બની ગઈ (ઇ) છળી પડી

(૩) વીરડાના નીતર્યા જળ જોઈને ગોપી ________________

(અ) મુખડું જોયા કરતી (આ) પાણી ભરવા લાગી (ઇ) તાપે બળી મરી

**સ. ૧૦. કાવ્યને આધારે ગોપીના મનની સ્થિતિનું વર્ણન કરો.**

**સ. ૧૧. નામ - વિશેષણની જોડી બનાવો.**

| વિભાગ 'અ' - વિશેષણ | વિભાગ 'બ' - નામ |
|---|---|
| (૧) મીઠા | (અ) જળ |
| (૨) આછા | (આ) કૂવા |
| (૩) ઊંડા | (ઇ) બગ |
| (૪) ધોળા | (ઈ) સરવણી |
| (૫) નાની | (ઉ) વીરડા |

**સ. ૧૨. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.**

| સામાસિક શબ્દ | વિગ્રહ | પ્રકાર |
|---|---|---|
| (૧) હારજીત | | |
| (૨) | દહીંમાં ભીંજવેલા વડા | |
| (૩) ત્રિભુવન | | |
| (૪) | ભાઈ અને બહેન | |

★ **શિક્ષકની મદદથી કવિ હરીન્દ્ર દવેનું 'માધવ ક્યાંય નથી...' કાવ્ય મેળવી વર્ગમાં સમૂહગાન કરો.**

## પ્રકલ્પ

★ તમે જાણતા હો તેવો કૃષ્ણ વિશેનો એક પ્રસંગ સચિત્ર આલેખી ભીંતપત્રક તૈયાર કરો.

## વિશેષવાંચન

### સૂના સરવરિયાને કાંઠડે

સૂના સરવરિયાને કાંઠડે હું બેડલું મેલીને નાહવા ગઈ,
પાછી વળી ત્યારે બેડલું નઈ...
હું તો મનમાં ને મનમાં મુંઝાણી મારી બઈ,
શું રે કહેવું મારે માવડીને જઈ ?
પાછી વળી...
કેટલું રે કહ્યું પણ કાળજું ન ચોર્યું.
ને ચોરી ચોરીને એણે બેડલું રે ચોર્યું.
ખાલીખમ બેડલાથી વળે નહીં કંઈ...
પાછી વળી...
નીતરતી ઓઢણીને નીતરતી ચોળી,
ને બેડલાનો ચોર મારે કેમ લેવો ખોળી ?
દઈ દે મારું બેડલું મારા દલડાને લઈ....
પાછી વળી...

– અવિનાશ વ્યાસ

## સ્વાધ્યાય

સ. ૧. કાવ્યનો મધ્યવર્તી સાર લખો.

સ. ૨. કાવ્યની નાયિકાને થતી મૂંઝવણ તમારા શબ્દોમાં લખો.

6YFHB5

મનુષ્ય પોતાનાં કાર્યોનો કર્તા છે; અને તેથી તે પોતાના ચારિત્ર્યનો ઘડનાર છે.